# સાબરમતી રીવરફ્રન્ટ ઇસ્ટ

# પોલીસ સ્ટેશન

# અમદાવાદ શહેર

## પ્રેસ નોટ

### પ્રોહીબીશન સબંધી એક પાસા અટકાયતોની ધરપકડ કરતી રીવર ફ્રન્ટ ઇસ્ટ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ-ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતિ સદંતર નેસ્તે નાબુદ કરવા સારુ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહીની પ્રવુતિ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકિકત આધારે ગેરકાયદેશર દેશીદારુનું ઉત્પાદન કરતા ધર્મેન્દ્ર ઉર્ફે શેરુ ઉર્ફે શેરસિંગ ભવરસિંહ માલાવત ઉ.વ.૪૫ રહે-સુભાષનગરનો ટેકરો નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ દેશીદારુના કેશો શોધી કાઢી સદરી આરોપીને આવી પ્રવુતિ પ્રોહી કલમ-૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ના હોય સદરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા ક્રમાક- પીસીબી/ડીટીએન/પાસા/૯૪૦/૨૦૧૯ તા.૦૯/૦૮/૨૦૧૯ રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે આરોપીને આજરોજ તા.૧૦/૦૮/૨૦૧૯ ના કલાક.૧૪/૩૦ વાગે હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે અધિક્ષકશ્રી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપેલ છે.

પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી વટવા પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોનનં-૦૭૯-૨૫૭૧૦૦૭૪
પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર—૦૭૯-૨૫૬૨૭૫૧૦

# સારી કામગીરી

## પ્રોહીનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વટવા પોલીસ

બકરીઈદના તહેવાર અનુસંધાને ગુનાહિત પ્રવ્રુતી અટકાવવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી એ.કે.સિંઘ સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી એમ.એસ.ભરાડા સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી બિપીન અહિરે સાહેબ તથા મ.પો.કમી.“જે” ડીવીઝન શ્રી આર.બી. રાણા સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સિનીયર પોલીસ ઈન્સપેક્ટર એચ.વી. સીસારા નાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારના કેસો શોધવા માટે આપેલ સુચના આધારે વટવા રોપડા ચેક પોસ્ટ ઉપરથી એ.એસ.આઇ. મુકેશકુમાર મણિલાલ તથા પો.કો. દિલીપભાઇ સોમાભાઇ નાઓએ આરોપી નામે <u>ડેવીડ સ/ઓ અનિલભાઇ હરીલાલ રાજા ઉ.વ. ૨૪ ધંધો.વેપાર રહે.મ.નં. ૫૦૧ લોટસ રેસીડંસી રવાપર રોડ મોરબી જી.મોરબી</u> આજરોજ તા.૧૦/૦૮/૨૦૧૯ ના કલાક ૧૩/૩૫ વાગે ભારતીય બનાવટની <u>BLACK AND WHITE BLENDED SCOTCH WHISKY ઈંગ્લીસ ટેસ્ટર નંગ-200 તથા VAT 69 BLENDED SCOTCH WHISKY ઈંગ્લીસ ટેસ્ટર નંગ- 40 તથા RESOULT PINK VODKA નંગ - 8 મળી કુલ્લે રૂ.૨૯૬૦૦/-</u> તથા એક કાળા કલરનો વન પ્લસ જેનો આઇ.એમ.ઇ.આઇ.નં.૮૬૬૭૩૯૦૦૩૧૨૬૮૩૭૭ તથા ૮૬૬૭૯૦૦૩૧૨૬૮૩૬૯ જેની કિ.રૂ.૨૦૦૦૦/- ગણાય તથા રોકડા રૂ.૧૩૦/- તથા એક લાલ કલરની SWISS IRA કંપનીની બેગ જેની કિ.રૂ.૦૦/- મળી કુલ્લે રૂ.૪૯૭૩૦/- મુદ્દામાલ વગર પાસ પરમિટે ગોવા ખાતેથી લાવી મળી આવેલ હોઇ <u>વટવા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં. ૫૩૭૦/૨૦૧૯ ધી પ્રોહી કલમ ૬૫એ,૧૧૬બી મુજબ</u> કાયદેસર કાર્યવાહી કરી આગળની તપાસ સર્વેલંસ પો.સ.ઇ.એમ.જી.પટેલ નાઓ કરી રહેલ છે.તા.૧૦/૦૮/૨૦૧૯

